# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૩ તા.૧૭-૧૦-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પોષણ અભિયાન અંતર્ગત પોષણ વાટિકા તૈયાર કરવા બાબત

સંદર્ભ : - મભય/અશ/પોષણ અભિયાન/૨૦૨૦ જા.નં.૨૧૦ થી ૨૧૨ તા.૦૭-૧૦-૨૦૨૦નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપની શાળાઓના વિદ્યાર્થીઓના પોષણને ધ્યાનમાં રાખી આ સાથેના સંદર્ભ દર્શિત પત્રનો અભ્યાસ કરીને આપની શાળામાં પોષણ વાટિકા તૈયાર થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભ દર્શિત પત્ર

તા.૧૭-૧૦-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

મધ્યાહન ભોજન યોજના
અમદાવાદ શહેર
ઈન્વર્ડ નંબર 254
તારીખ 3/10/2020

ક્રમાંક:-મભય/અમલ-૧/પોષણ અભિયાન/૨૦૨૦/16412-451
કમિશનર, મધ્યાહન ભોજન યોજનાની કચેરી;
બ્લોક નંબર:- ૧૪, પહેલો માળ.
ગુ.રા. ગાંધીનગર. તા. /૦૯/૨૦૨૦.

ટોચ અગ્રતા / E mail /

30 SEP 2020

પ્રતિ,
નાયબ કલેકટરશ્રી,( MDM)
મધ્યાહન ભોજન યોજનાની કચેરી
જિલ્લા સેવા સદન,/ મ્યુનિસિપલ કોર્પોરેશન,
તમામ.

વિષય:- પોષણ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરવા બાબત.

સંદર્ભ :-શિક્ષણ વિભાગના પત્રક્રમાંક:-પરચ/૧૪૨૦૧૯/૩૦૯/વ.ર,
તા.૧૫/૦૯/૨૦૨૦.

ઉપરોકત વિષય અંગે સંદર્ભમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૧૫/૦૯/૨૦૨૦ ના પત્રની સાથે અત્રે મોકલાવેલ ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરના તા.૧/૦૯/૨૦૨૦ના પત્રની નકલ સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

ઉકત પત્રમાં જણાવ્યા મુજબ, માન.વડાપ્રધાનશ્રી દ્વાર તા.૮ માર્ચ ૨૦૧૮ના રોજ પોષણ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરવામાં આવેલ છે. પોષણ અભિયાન અંતર્ગત મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા દરવર્ષે સપ્ટેમ્બર માસ માં જન આંદોલન થકી " રાષ્ટ્રીય પોષણ માસ" ની ઉજવણી કરવામાં આવે છે. એટલે પોષણ વાટિકાના ફાયદાને ધ્યાનમાં રાખી આપના તાબા હેઠળની કચેરીઓ તેમજ મધ્યાહન ભોજન યોજના હેઠળ આવરી લેવાયેલ શાળાઓ અને સંસ્થાઓના વિધાર્થીઓના પોષણ ને ધ્યાનમાં રાખી જ્યાં જગ્યા ઉપલબ્ધ હોયત્યાં "પોષણવાટિકા" તૈયાર થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા સંબધિતોને સુચના આપવા વિનંતી છે.

સયુંકત કમિશનર
મધ્યાહન ભોજન યોજના
ગુ.રા. ગાંધીનગર.

બિડાણ: ઉપર મુજબ

નકલ સવિનય રવાના જાણ સારૂ:-
સેકશન અધિકારીશ્રી,( વ-ર શાખા), શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર

DIST

મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર
૯/૬, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦

મનીષા ચંદ્રા, આઇ.એ.એસ.
સચિવ

તા. 01/09/2020

Respected Sir,

આપ સહુ સુવિદિત છો જ કે માન.વડાપ્રધાનશ્રી દ્વારા તા.૦૮, માર્ચ ૨૦૧૮ ના રોજ પોષણ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરવામાં આવેલ છે. પોષણ અભિયાન અંતર્ગત મહિલા અને બાળવિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર માસમાં જનઆંદોલન થકી "રાષ્ટ્રીય પોષણ માસ"ની ઉજવણી કરવામાં આવે છે.

પોષણ અભિયાન "સહી પોષણ- દેશ રોશન" નાં ધ્યેય સાથે શરૂ કરવામાં આવેલ છે. જનસમુદાયમાં પોષણનાં ફાયદા વિશે જનજાગૃતિ લાવવાં માટે તમામ વિભાગો સાથે સંકલનમાં રહીને કામગીરી કરવામાં આવે છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકારશ્રી દ્વારા તા: ૨૮/૮/૨૦૨૦ ના પત્રથી પોષણ અભિયાન હેઠળ પોષણ માહની ઉજવણી માટેની માર્ગદર્શિકા આપવામાં આવેલ છે. જે અન્વયે વર્ષ ૨૦૨૦ માં લોકોને પોષણ વિશે જાગૃત કરી એક નવતર પ્રયોગનાં ભાગ રૂપે પોષણ માસમાં " પોષણ વાટિકા થી હર એક ઘરે પોષણ તહેવાર " ની ઉજવણી કરવાની રહેશે.

શરીરનાં સમતોલ વિકાસ માટે શાકભાજી એક અગત્યનું અને અનિવાર્ય માધ્યમ છે. શાકભાજીનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરવામાં ન આવે તો શરીરમાં રોગ પ્રતિકારક શક્તિ ઘટે છે. પોષણ વાટિકા/પોષણ ગાર્ડન દ્વારા ઘર આંગણે શાકભાજી ઉગાડવાથી ઇચ્છાનુસાર આખું વર્ષ તાજા અને તંદુરસ્ત શાકભાજી મેળવી શકાય છે. ઘર આંગણે ખૂબજ નજીવા ખર્ચમાં શાકભાજી ઉગાડવાથી ઘર ખર્ચમાં પણ મોટા પ્રમાણમાં બચત કરી શકાય છે. ઉપરાંત સેન્દ્રીય ખાતર ધ્વારા ઉત્પાદન કરવા થી કુદરતી મીઠાશ ધરાવતા અને રાસાયણિક જંતુનાશક દવા રહિત શાકભાજી મેળવી શકાય છે.

પોષણ ગાર્ડન ધ્વારા દરેક કુટુંબ પોતાની જરૂરિયાત અનુસાર જુદા જુદા શાકભાજી પોતાના આંગણે ઉછેરી પરિવારની પોષણની જરૂરિયાતને પુરી કરી શકે છે. ગ્રામ્ય વિસ્તારોમાં વ્યક્તિ પોતાના આંગણે અને શહેરી વિસ્તારોમાં વરંડા, બાલ્કની કે ધાબા ઉપર પણ શાકભાજી ઉછેરીને તાજા શાકભાજીની પરિવારની જરૂરિયાતને સંતોષી શકે છે.

ફોન નં. : ૯૧-૭૯-૨૩૨૫૪૮૨૨ - ૨૩૨૫૨૦૭૬ ફેક્સ નં. : ૦૭૯-૨૩૨૫૪૮૨૩

5 | C

પોષણ વાટિકાના ઉપરોક્ત ફાયદાને ધ્યાનમાં રાખી આપના તાબા હેઠળની કચેરીઓ જેવી BRC ભવન, CRC ભવનમાં જ્યા જગ્યા ઉપલબ્ધ હોય ત્યા પોષણ વાટિકાના નિદર્શન પ્લોટ તૈયાર કરે, આ ઉપરાંત તમામ શાળાઓ, આશ્રમશાળાઓ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, કૌશલ્યવર્ધન કેંદ્ર, છાત્રાલયોમાં શાળાના બાળકોના પોષણને ધ્યાનમાં રાખી "જ્યા જગ્યા ઉપલબ્ધ હોય ત્યા પોષણ વાટિકા" તૈયાર કરે આમ પોષણ માહ દરમ્યાન જીલ્લાઓમાં આપના વિભાગના સહકારથી મહત્તમ "પોષણ વાટિકા" તૈયાર થાય તે માટે સંબંધિતોને સુચના આપવા વિનંતી છે.

બિડાણ: "પોષણ વાટિકા" માર્ગદર્શિકા

Warm regards,

Yours sincerely,

31/8/2020

કમિશ્નર-વ-સચિવ

મહિલા અને બાળ વિકાસ

ગાંધીનગર

પ્રતિ,

સચિવશ્રી,

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ, સચિવાલય,

ગાંધીનગર